## જન્મદિને વધામણી



દિપકભાઈ વ્યાસ
શ્રી જય અંબે પરિવાર



વિવેક રાવલ
જીએસડીએમએ
મો. ૯૫૭૪૯૫૪૫૫૦



ધૃવા ઉરેન પટેલ
મો. ૯૪૨૬૦ ૧૧૦૦૮



રોમિત આર પટેલ
મો. ૯૮૨૫૧ ૫૬૩૨૪



પર્વ જિગર પરીખ
ફોન : ૨૩૨૨૨૧૩૩

# સેટરડે નાઈટ્સમાં અંધશ્રદ્ધા નિવારણ પ્રયાસ







સ્વર્ણિમ પાર્કમાં ચ-૪ ફુઆરા પાસે દર શનિવારે રાત્રે મુલાકાતીઓને નિઃશુલ્ક મનોરંજન પાડતા યુવાનોના ગ્રુપ 'પ્લગ-ઈન્સ એન્ટરટેઈનમેન્ટ્સ' દ્વારા હવે પોતાની આ કૃતિઓમાં સામાજિક જવાબદારીનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. 'ગાંધીનગર સમાચાર'ના વાચકોને યાદ હશે કે 'સેટરડે નાઈટ્સ' નામથી યુવાનો આ કાર્યક્રમનું દર શનિવારે રાત્રે ૮.૩૦થી ૯.૩૦ દરમ્યાન નિયમિત આયોજન કરે છે અને ઉપસ્થિત મુલાકાતીઓ, નાગરિકોને સાવ મફતમાં મનોરંજન પૂરું પાડે છે. ગીત, સંગીત, ડાન્સ અને નાટ્ય જેવી કૃતિઓ અહીં લોકોના મનોરંજન અર્થે પ્રસ્તુત કરવામાં આવે છે. હવે આ કર્મઠ યુવાનો દ્વારા 'સેટરડે નાઈટ્સ'માં સામાજિક જવાબદારીનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. છેલ્લા શનિવારે 'મોંજુલિકા કા સ્વયંવર' નામે અંધશ્રદ્ધા નિવારણ વિષયક નાટકની ભજવણી આ યુવાનો દ્વારા કરવામાં આવી હતી. હળવી શૈલીમાં શરૂ થયેલા આ નાટકના માધ્યમથી ભૂત-પ્રેત અને તેના વિષયક અંધશ્રદ્ધાઓ વ્યક્તિ માટે કેટલી નુકસાનકારક છે તે બહુ સરળતાથી સમજાવવામાં આવ્યું હતું. લોકોને આ નાટ્યપ્રયોગ ખૂબ પસંદ પડ્યો હતો.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
અઝહર
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
કેપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૩.૪૫, ૯.૪૫
કેપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૨.૪૫, ૬.૪૫
**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૧૫, ૩.૦૦, ૯.૪૫
ચુડેલ સ્ટોરી (એ)
૫.૪૫, ૭.૪૫
**સ્ક્રીન-૫**
૧૯૨૦ લંડન
૧.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૭.૦૦
અઝહર
૧૦.૦૦

# વિદ્યાર્થીઓને હૉસ્ટેલ સુવિધા આપવા જાગૃત નાગરિક પરિષદનો અનુરોધ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરની સામાજિક શાંતિ અને સુરક્ષા જળવાઈ રહે તે માટે શહેરની શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા બહારગામના વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલની સુવિધા ઊભી કરવા, નોકરી-વ્યવસાય કરતા યુવક-યુવતિઓ માટે વર્કિંગ મૅન, વિમૅન હૉસ્ટેલ બનાવવા તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રૉજેક્ટ પર કામ કરતા શ્રમિકો માટે રૈનબસેરાનું નિર્માણ કરવા જાગૃત નાગરિક પરિષદ દ્વારા સરકારને અનુરોધ કરવામાં આવ્યો છે.

જ્યોતીન્દ્રભાઈ દવેના અધ્યક્ષ સ્થાને પરિષદની તાજેતરમાં મળેલી બેઠકમાં આ બાબતો અંગે ચિંતન કરવામાં આવ્યું હતું. શહેર શૈક્ષણિક કેન્દ્ર તરીકે વિકાસ પામ્યું છે ત્યારે કૉલેજ, સ્કૂલમાં અભ્યાસ કરતા અંદાજે ૬૦ હજાર જેટલા બહારના વિદ્યાર્થીઓ માટે હૉસ્ટેલની સુવિધા શૈક્ષણિક સંસ્થા દ્વારા જ કરવાનું ફરજિયાત કરવા માટે સરકારને વિનંતી કરવામાં આવી છે.

ગિફ્ટ સિટી સહિતના રાષ્ટ્રીય વિકાસ કાર્યક્રમો ગતિમાં છે. તેમાં સંખ્યાબંધ યુવાનોને નોકરી, વ્યવસાય મળી રહ્યા છે ત્યારે તેમના માટે રહેવાની સુવિધા ઊભી કરવા વર્કિંગ મૅન, વિમૅન હૉસ્ટેલ ઊભી કરવા પણ પરિષદ તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

શહેરના માર્ગ અને મકાનનાં કામો પર સેંકડો શ્રમિકો કામ કરી રહ્યા છે. તેમના માટે રૈનબસેરા બનાવવા અનિવાર્ય છે. રહેઠાણના અભાવે ઝૂંપડપટ્ટી ઊભી થાય છે અને ગંદકી ફેલાવા સાથે સામાજિક શાંતિ-સુરક્ષા પણ જોખમાય છે. અસ્થાયી શ્રમિકોને આવાસ પૂરા પાડવા બિલ્ડર્સની પણ જવાબદારી છે. સરકાર તરત જમીન ફાળવીને બિલ્ડર્સના સહયોગમાં રૈનબસેરા નિર્માણ કરે તે આજની તાતી જરૂરિયાત છે એમ જાગૃત નાગરિક પરિષદ દ્વારા જણાવવામાં આવ્યું છે.

આ બેઠકમાં ભાનુપ્રસાદ પુરાણી, જયંતભાઈ ભટ્ટ, નિરંજનભાઈ ઓઝા, સોમાભાઈ પરમાર, રમણલાલ શ્રીમાળી, રાજેન્દ્રભાઈ પારેખ, મનીષભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા.



ઉનાળાના વેકેશન દરમ્યાન સામાન્ય રીતે શ્રીમંત ઘરના બાળકો પરિવાર સાથે મલ્ટીપ્લેક્ષમાં જઈને ફિલ્મ જોવાનો અનેરો આનંદ માણતા હોય છે. પરંતુ સામાન્ય ગરીબ પરીવારના બાળકો પણ મોટા પડદા પર ફિલ્મ જોવાના આનંદથી વંચીત ન રહિ જાય તે માટે બોપલા યુવા કાઉન્સીલર વૃશાલી દાતાર દ્વારા આબાદનગર વિસ્તારના બાળકોને સાંજના સમયે મોટા પડદા પર ફિલ્મ બતાવવામાં આવી હતી. ફિલ્મ જોવાની સાથે સાથે બાળકો અને તેમના માતા પિતાને શિક્ષણ, સફાઈ, સમરસતા, એકતા સ્વાર્થહીનતા અને દેશભક્તિ નુ જ્ઞાન અને નૈતિક મૂલ્યોની માહિતી આપવામાં આવી હતી. ''જ્ઞાન ઔર મનોરંજન કી શામ, હમારે હોનહાર બચ્ચો કે નામ'' થીમ પર આયોજીત આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કાઉન્સીલર વૃશાલી દાતાર, અર્જુનસિંહ રાજપૂત, હિતેન્દ્રસિંહ ગોહિલ, બોપલ મંડળ ભાજપ મહામંત્રી હર્ષદભાઈ પટેલ અને વોર્ડના સ્થાનિક ભાજપના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# સંતાનો સાથે વધુ સમય ફાળવો, જનરેશન ગેપ ઘટાડો

ગાંધીનગર, તા. ૧૫

આજે સ્થિતિ એવી થઈ ગઈ છે કે બદલાતા સમાજનાં મૂલ્યોને અને ગતિ સમજીને બાળકો સાથેનો તમારો વ્યવહાર પણ સુધારવો પડશે. તો જ 'જનરેશન ગેપ'ની સમસ્યાનું નિરાકરણ લાવી શકાશે. બાળકો પાશ્ચાત્ય જીવનશૈલી અપનાવીને મોટાઓ પ્રત્યે સન્માનની ભાવના ગુમાવી રહ્યા છે. વાલીઓ પરિવર્તન મુજબ પોતાનો વ્યવહાર બદલતા નથી. જેથી બે પેઢી વચ્ચે સંવાદ તૂટી જાય છે. આજકાલ સંબંધો ખૂબ જ જટિલ બની ગયા છે અને ડિપ્રેશન માટે પણ એ જ જવાબદાર હોય છે. આજની પરિસ્થિતિમાં સંબંધોનું વ્યવસ્થાપન અત્યંત મહત્ત્વપૂર્ણ થઈ ગયું છે. ભારતીય સંસ્કૃતિ અને અધ્યાત્મના માધ્યમથી આ સંબંધોનું વ્યવસ્થાપન સુદઢ બનાવી શકાય અને મોટા ભાગના લોકોને આત્મહત્યામાંથી બચાવી શકાય અને તેમના માતા-પિતા અને સંતાનો, પતિ-પત્ની, ભાઈ-ભાઈ વચ્ચેના સંબંધોનું વ્યવસ્થાપન ખૂબ જરૂરી બન્યું છે. સંતાનો સાથે વધારેમાં વધારે સમય ફાળવો, સાથે જમવા બેસો, સાથે પ્રાર્થના કરો'.

# બળબળતી ગરમીમાં ઉઘાડા ડિલે ફરતાં બાળકોને વસ્ત્રોનું વિતરણ



તસવીર : કશ્યપ નિમાવત

ગાંધીનગર, તા. ૧૫

'આજના યુવાનો માત્ર ગૅઝેટ્સ અને ટીવીમાં મગ્ન છે' એવી ભ્રમણાને ખોટી પાડતા ગાંધીનગરના કેટલાય યુવાનો સેવાકીય કાર્યોમાં લાગેલા છે. વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમાજના લોકોને હૂંફ, લાગણી, માયા સાથે સપૉર્ટ આપે છે અને એ પણ સ્વખર્ચે.

ગાંધીનગરના સૅક્ટર-૬ ખાતે વસેલા ઝૂંપડવાસમાં આ બળબળતી ગરમીમાં ઉઘાડા ડિલે ફરતાં બાળકો અને એમના વાલીઓને વસ્ત્રોનું વિતરણ કરવાનું પ્રશંસનીય કાર્ય કરવા માટે શહેરના સેવાભાવી યુવાનોએ રવિવારની રજાનો સદ્ઉપયોગ કર્યો હતો. વિજયસિંહ માજીરાણા, ધર્મેન્દ્ર પરમાર, ઉમંગ સુથાર, પ્રણવ મોદી, પૃથક ઠક્કર, જિજ્ઞેશ જાની, વિદ્યા લાયબ્રેરીના પ્રદીપસિંહ વાઘેલા વગેરે આ સેવાપ્રવૃત્તિમાં જોડાયા હતા. ૩૦૦ જોડ કપડાં તેમણે જરૂરિયાત-મંદ લોકોને ભેટ ધરીને માનવીય સંવેદનાને ઝંકૃત કરવાનું ઉમદા કાર્ય કર્યું હતું. આ સેવાકાર્યના સાક્ષી બનવા માટે ગાંધીનગર સાહિત્ય સભાના મંત્રી અને ગાંધીનગરની સામાજિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવા સંજય થોરાત ખાસ ઉપસ્થિત રહ્યા હતા. યુવાનોએ પોતાના પરિચિતો પાસેથી કપડાં ભેગાં કરી દરેક વ્યક્તિના નિવાસે જઈ એમને એમના માપનાં કપડાં અર્પણ કર્યા હતાં અને આ પ્રવૃત્તિ દ્વારા 'આપવાનો આનંદ' પ્રાપ્ત કર્યો હતો.

# ખુદ અરીસો બની મને મારી જાતનો પરિચય કરાવ્યો છે મારા ગુરુએ


## સંવેદના
### મારા ગુરુ ગૌરવશાળી



મારાં પહેલા ગુરુ મારાં મા છે, જેમણે માને જીવનની કોરી પાટી પર ભણતરનો એકડો ઘૂંટતા શીખવ્યું. મારાં માએ જ બીજા ગુરુ પૂ. બ્રહ્માનંદ માતાજી સાથે મારો મેળાપ કરાવ્યો. મારા ગુરુ દેશના ગામેગામ ભ્રમણ કરતા હતા, ત્યાં વસતા સત્સંગ પરિવાર સાથે રહેતા હતા. તેઓને જીવન જીવવાની સાચી રીત સમજાવતા હતા. મારા ગુરુએ જ મારા અંતરાત્માની ઓળખાણ બતાવી. અજ્ઞાનરૂપી તાળાને ખોલવાની માસ્ટર કી - જ્ઞાન આપ્યું. જેમ રંગમંચ પર અભિનય કરતા કલાકાર પોતાની સાચી ઓળખ ભુલતા નથી, તેમના પાત્રમાં તન્મય થઈને અભિનય કરે છે, તેવી જ રીતે આ સંસારરૂપી રંગમંચ પર અભિનય કરવા છતાં પોતાની સાચી ઓળખ 'હું આત્મા છું' એ ન ભુલાય તેવી દઢ સમજ મને મારા ગુરુએ આપી છે. આજે મારા ગુરુ હયાત નથી પણ મારે જીવનમાં કંઈપણ પ્રશ્ન આવે તો હું તેનું માર્ગદર્શન મારા ગુરુ પાસેથી જ મેળવું છું. મારા ગુરુએ આપેલ જ્ઞાન મારા જીવનને પ્રકાશિત કરી રહ્યું છે. 'મેરે સદ્ગુરુ પકડી બાંહ નહીં તો બહ જાતા, બહ જાતા બિન જ્ઞાન બંધન મેં રહ જાતા'

મારા ગુરુને મારા કોટિ-કોટિ વંદન.

**- આરતી કે મહેતા**



મારી કિશોર અવસ્થાની વાત છે. મારી ઉંમર લગભગ બાર વર્ષની હતી, ઈસ ૧૯૪૮. તે સમયે સાયકલ પણ દુર્લભ ગણાતી હતી. એક આને (આજના લગભગ ૬ પૈસા) એક કલાક સાયકલ ભાડે મળતી હતી. હું સાયકલ ચલાવવાનું હજી શીખતો હતો. માંડ-માંડ બૅલેન્સ જાળવી સાયકલ ચલાવી શકતો હતો. એક દિવસ સાંજે અમારા વિસ્તાર મોરબીના સાવસર પ્લોટમાં સાયકલ ફેરવતો હતો, તે સમયે મારા વર્ગ શિક્ષક ઓ આર પટેલ સામે મળ્યા. સામે ગુરુજી મળે એટલે વંદન કરવાનો શિરસ્તો હતો. ગુરુજી પ્રત્યે સન્માનની પણ તે સમયે ભાવના હતી. મેં કશું વિચાર્યા વિના બે હાથ જોડી ગુરુજી પટેલસાહેબને વંદન કર્યા, તેમણે નમન સ્વીકાર્યા અને સાયકલ ઉપરથી ધબ કરતો હું નીચે પડ્યો. ગુરુજીને નમસ્કાર કર્યા પછી જમીનને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ગુરુજીએ મને ઝડપથી ઊભો કર્યો અને મારા હાથ-પગ ઉપરથી ધૂળ ખંખેરી ઠપકો આપ્યો ને કહ્યું, સાયકલ શીખતાં હાથ જોડીને નમસ્કાર ન કરાય. અલબત્ત, મારો આદરભાવ જોઈ ખુશ પણ થયા અને મને આશીર્વાદ આપ્યા.

તેઓ મારા ધોરણ-૮ના વર્ગ શિક્ષક હતા. ગૃહકાર્ય ન કર્યું હોય તો ઠપકારતા પણ ખરા. વર્ગમાં મોઢે કરવાનો પાઠ ન આવડે તો મોટી ફૂટપટ્ટી જોરથી હવામાં વિંઝી પછી હળવેથી હાથ ઉપર ફટકારતા ને કહેતા, 'ફરીથી મોઢે નહીં કરે તો આ ફૂટપટ્ટી કોઈની સગી નહીં થાય.' તેઓ વિજ્ઞાનના સ્નાતક હતા. દિવાલ ઘડિયાળ અને કાંડા ઘડિયાળના રિપેરીંગનો શોખ હતો. તેમના નાના ભાઈની કાપડની દુકાન પાછળ બેસી શાળા છૂટ્યા પછી કે રજાના દિવસે ઘડિયાળ રિપેર કરતા હતા. તેમણે ઘડિયાળની રચનાનો ઊંડો અભ્યાસ કર્યો હતો. વર્ષો પછી મારા આ વર્ગ શિક્ષક ઓ આર પટેલ મોરબીની સુવિખ્યાત ઘડિયાળ કંપની 'અજન્ટા' વૉચના સ્થાપક બન્યા. 'ઓરપેટ' (ઓ આર પટેલ) કંપની આજે વીજળીક ઉપકરણો બનાવે છે ને વીજળીથી ચાલતાં દ્વિચક્રી વાહનો પણ બનાવે છે. તેમણે મારી સાથેનો સંબંધ જીવ્યા ત્યાં સુધી જાળવી રાખ્યો હતો ને મને દિવાળી કાર્ડ અચૂક મોકલતા હતા. મને આજે પણ તેમના માટે ગૌરવ છે.

**- જયંત જી ભટ્ટ, સેક્ટર-૭ ડી**

ભણતા-ભણતા પાઠશાળામાં,
મળ્યો ગુરુનો સંગ, લાગ્યો એ રંગ જીવનમાં, ગુરુ તણો છૂટ્યો નહીં એનો અંત, છૂટી પાઠશાળા પછી શરૂ થઈ જીવનની પાઠશાળા પણ. હતો સમીપ ગુરુના ચરણોમાં પાર કર્યો મેં જીવનનો આ જંગ. તેથી જ કહું હું પ્રીતથી, મારા ગુરુ ગૌરવશાળી.

**- અલકેશ શશીકાંતભાઈ નાયક સેક્ટર-૮ બી**

મારા જીવનમાં અરીસો બની મને મારો મારી જાત સાથે પરિચય કરાવનાર ગુરુ એટલે અરવિંદ વાઘરોડિયા સર કે જેઓ હાલ શ્રી સ્વામીનારાયણ હાઈસ્કૂલ, સૅક્ટર-૨૩ ખાતે અંગ્રેજી વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. હિંમત હારી ચૂકેલા વિદ્યાર્થીને ઉત્સાહ પ્રેરનાર દિશાહિન વિદ્યાર્થીને સાચી દિશા સૂચવનાર ગુરુકુળ સ્કૂલનું ગૌરવ એટલે મારા ગુરુ અરવિંદસર. તેમણે અત્યાર સુધીમાં ઘણા વિદ્યાર્થીઓને સાચું અને પાયાનું શિક્ષણ આપ્યું છે. અંગ્રેજી વિષયમાં નબળામાં નબળા વિદ્યાર્થીઓને પણ તેમણે પારવધા કર્યા છે. મારા અમુક મિત્રો કે જેમને ગણિત, વિજ્ઞાન જેવા વિષયોમાં ઍસઍસસીમાં ૪૫-૫૦ માર્ક્સ આવ્યા હોય પરંતુ તેઓ અંગ્રેજીમાં ૯૨-૯૫ માર્ક્સ મેળવી શક્યા છે. તેમણે નબળા વિદ્યાર્થીઓને પોતાનો ધ્યેય હાંસલ કરવા સતત પ્રોત્સાહિત કર્યા છે ને સરના પ્રયત્નોના પરિણામે જ વિદ્યાર્થીઓ સારી સફળતા મેળવી શક્યા છે. વર્ષના પ્રથમ દિવસે નોટબૂકના પ્રથમ પેજ પર તેમણે અમને અમારો ટાર્ગેટ લખાવ્યો હતો અને વર્ષના અંતે ઍસઍસસીની માર્કશીટમાં પણ અમે તે ટાર્ગેટ મેળવી શક્યા હતા.

માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા ચાલતી હૅલ્પલાઈનમાં શિક્ષણાધિકારી દ્વારા અંગ્રેજીના વિષય નિષ્ણાત તરીકે તેમની નિમણૂક કરવામાં આવી છે. આ હૅલ્પલાઈન મારફતે પણ તેમણે ગાંધીનગરમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ઍસઍસસીનું અંગ્રેજીનું પેપર પૂર્ણ થયા બાદ તેમનો અભિપ્રાય નામાંકિત વર્તમાનપત્રોમાં પ્રકાશિત થાય છે.

અંગ્રેજીના બાર કાળની સમજ સમજ તેમણે અમને એટલી સારી રીતે આપી છે કે જેથી અમે અંગ્રેજી ભાષાને ખૂબ સારી રીતે સમજી શક્યા છીએ અને ખૂબ સારી રીતે બોલી પણ શક્યા છીએ. તેમનું અંગ્રેજી ગ્રામર પર એટલું પ્રભુત્વ કે એમણે શીખવેલ ગ્રામર અમે ક્યારેય ભૂલીએ નહીં. તેઓ અલગ-અલગ ટૅકનીકથી અમને બધા શબ્દોના દસ-દસ સમાનાર્થી શબ્દો યાદ રખાવતા કે ક્યારેય અમારે ગોખવાનો વારો આવ્યો નહીં. ગુરુકુળના વર્ગખંડમાં તેઓ ભણાવતા હોય ત્યારે તમામ વિદ્યાર્થીઓનું ધ્યાન તેમના પર જ હોય. તેમણે અભ્યાસકાર્ય એટલું પ્રમાણિકપણે અને નિષ્ઠાથી કરાવ્યું છે કે તેઓ વિદ્યાર્થીઓને રિસેષમાં વિશ્રામના સમયનો ભોગ આપી હસતાં મુખે શીખવ્યું છે. આ જ કારણોસર વિદ્યાર્થીઓ તેમને આજે પણ ભૂલ્યા નથી. ૧૪ વર્ષ પહેલાં તેમની પાસે ભણી ગયેલા વિદ્યાર્થીઓ આજેય તેમના સંપર્કમાં છે ને સરનેય એ સૌનાં નામ યાદ છે !

બીએપીએસ સંસ્થામાં અનેક વખત વક્તૃત્વ સ્પર્ધામાં તેઓ વિજયી બન્યા છે ને સંસ્થા દ્વારા લેવાતી આધ્યાત્મિક પરીક્ષાઓમાં વૈશ્વિક સ્તરે છેલ્લાં પાંચ વર્ષથી તેઓ શ્રેષ્ઠ કાર્યકર તરીકે નામના મેળવી ચૂક્યા છે. તેમના અક્ષરેય સરસ ને તેઓ ચિત્રકલામાં પણ શ્રેષ્ઠ. તબલાં પણ સારી રીતે વગાડી જાણે ને નાટક-નૃત્યના પણ જાણકાર !

મારા જેવા અનેક વિદ્યાર્થીઓમાં તેમણે આત્મવિશ્વાસની ચેતના પ્રગટાવી છે. તેઓ સૌના સાચા રાહબર બન્યા છે, સૌના પ્રિય બન્યા છે. તેમને ગુરુ તરીકે સ્વીકારી હું ગૌરવ અનુભવું છું ને અંતરથી તેમને પ્રણામ કરું છું.

**- સાહિલ વાઘેલા, સેક્ટર-૬ ડી**



નડીઆદ જિલ્લાના માતર તાલુકામાં દેથલી નામનું નાનકડું ગામ. એક યુવાન તરવરાટથી પ્રસન્ન, ગામડાના લોકોને અજ્ઞાન અને અંધકારમાંથી મુક્ત કરવા શિક્ષણ, સંસ્કાર, કેળવણી અને સદાચારના પાઠ શીખવવા ધૂણી ધખાવીને બેઠા હતા. તેઓ હતા પરસદરાય શાસ્ત્રીજી. અબુધ એવો હું તક ઝડપીને તેઓના ચરણોમાં પહોંચી ગયો. હું એટલો બધો ખુશ થઈ ગયો કે મારા આનંદની સીમા ન રહી. સંત કબીરની 'ગુરુ-ગોબિંદ....' પંક્તિનો પૂરેપૂરો અહેસાસ મને થયો. તેમના તરફથી બહુમૂલ્ય જીવનનો અર્થ સમજાયો. શિક્ષણ તો મળ્યું જ પરંતુ આદર્શ જીવનનું બેનમૂન ઘડતર પણ થયું. સૉક્રેટિસથી લઈને રવિન્દ્રનાથ ટાગોર, સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન, પંડિત સુખલાલજી, સ્વામી વિવેકાનંદ, પૂ. રવિશંકર મહારાજ, વિનોબા ભાવે, જુગતરામ દવે, નાનાભાઈ ભટ્ટ જેવા અનેકના જીવનમાં ડોકિયું કરાવનાર શાસ્ત્રીજી યુગો-યુગો સુધી જીવે એવા મારી અંતરની પ્રાર્થના છે. સવારના વહેલા ઊઠવાથી માંડીને જીવન જીવવાની કળા આ ગૌરવશાળી ગુરુએ શીખવી છે. પૂ. શાસ્ત્રીજીને મારા મહાન ગુરુ ગણું છું.

**- ગિરીશ વરીઆ, સેક્ટર-૩ એ**